## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરૂજી આપણી સાથે આવું કેમ થાય છે. આ કોરોનાનો કોઈ ઉપાયથી અને હવે આ ઠંડીનો...!!

# ગાંધીનગર સતત બીજા દિવસે રાજયનુ ઠંડુ શહેર : તાપમાન ૫.૫ ડીગ્રી

**ઠંડીમાં આંશિક રાહત : મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો વધારો : : વડીલો અને બાળકો ઠંડીથી વિશેષ પ્રભાવિત : ઠંડીનો સપાટો શહેરમાં સાંજ ઢળતા જ સન્નાટો : નળિયાની સાથે ગાંધીનગરમાં પણ હાઈએસ્ટ ઠંડી**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં હાડથિજાવતી ઠંડીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. વહેલી સવારે અને ઢળતી સાંજ બાદ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. આક્રમક કોલ્ડવેવના લીધે નગરજનો પણ ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. આજે ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે દિવસનુ તાપમાન પણ એક ડીગ્રી ઉંચુ આવ્યુ હતુ. જો કે કાતિલ કોલ્ડવેવની અસર યથાવત રહી હતી. સતત બીજા દિવસે પણ ગાંધીનગર નલિયાની સાથે સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર રહ્યુ હતુ. આકરી ઠંડીથી બચવા માટે નગરજનો વહેલી સવારે માર્નિંગ વોક કરવાનુ પણ ટાળી રહ્યા છે. જયારે સાંજના સમયે શહેરમાં અનોખો સન્નાટો છવાઈ જાય છે. કાતિલ ઠંડીના લીધે જન આરોગ્ય પણ વિશેષ પ્રભાવિત છે. જેના લીધે કોરોનાની સાથે સામાન્ય વાયરલ ફીવરના દર્દીઓ પણ વધ્યા છે. હજુ બે દિવસ ઠંડીનો કહેર યથાવત રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ગઈકાલે ઠંડીનો પારો ૪.૩ ડીગ્રીએ આવી જતા છેલ્લા એક દાયકાની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. શહેરીજનો આકરી ઠંડીની ગિરફતમાં આવી ગયા છે. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી રહ્યુ હતુ ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ ઘટતા નગરજનોએ કોલ્ડવેવમાં આંશિક રાહત અનુભવી હતી. છેલ્લા બે દિવસ દરમિયાન કાતિલ કોલ્ડવેવથી જનજીવન પ્રભાવિત છે. જયારે ટુંકા સમયગાળમાં જ ઠંડીએ આકારો મિજાજ દાખવતા ગાંધીનગર રાજયના સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ છે. ગઈકાલે સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી વધુ ઠંડુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ જયારે આજે પણ નલીયાની સાથે ગાંધીનગર સતત બીજા દિવસે રાજયનુ સૌથી ઠંડુ શહેર રહ્યુ હતુ. ઠંડીનુ પ્રમાણ ગઈકાલ કરતા થોડુ ઘટયુ છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં માત્ર એક



ડીગ્રી જ ઠંડીનો પારો ઉપર આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે દિવસનુ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ ગમે ત્યારે વરસાદને પણ વેલકમ કરતા વાતાવરણનો નઝારો ગમે ત્યારે બદલાઈ જાય છે. થોડા દિવસો અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે કાતિલ કોલ્ડવેવનુ મોજુ ફરી વળ્યુ છે. પ્રારંભિક તબક્કે ગુલાબી ઠંડીથી વાતાવરણ ખુશ્નુમા કરતી મોસમ સૌ કોઈ માટે તાજગીદાયક બની હતી પરંતુ ગત મહીના દરમિયાન સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી પ્રથમવાર નોંધાયા બાદ જાન્યુઆરી મહીનાના અંતિમ ચરણમાં કોલ્ડવેવ ચરમસીમાએ પહોંચ્યો છે. આકરી ઠંડીએ ખુલ્લામાં રહેતા શ્રમિકોને દયાજનક હાલતમાં મુકી દીધા છે. સેકટરવાસીઓ પણ સાંજ ઢળતા જ બારી બારણા બંધ કરી ઘરોમાં હીટર ઓન કરી દે છે. જયારે ખુલ્લામાં રહેતા ઝુંપડાવસાહતીઓ તાપણુ કરી આકરી ઠંડીથી બચવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ઠંડીની અસરથી શહેરના સેકટરોમાં પણ સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જાય છે. બીજીતરફ કોવિડના વધતા કહેર વચ્ચે ઠંડી વધુ આકરી પુરવાર થઈ રહી છે. શરદી ઉધરસ , તાવમાં સપડાયેલા દર્દીઓને વધુ પરેશાની વેઠવી પડે છે. આકરી ઠંડીના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. કોવિડ સિવાયના સાદા વાયરલ કેસ અને શરદી ઉધરસ, તાવના કેસ પણ વધ્યા છે. સતત ઠંડીના લીધે શહેરીજનો સુસ્તી અનુભવી રહ્યા છે. જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. ત્યારે હજુ બેત્રણ દિવસ ઠંડીનો કહેર યથાવત રહે તેવી સંભાવના છે. કાતિલ ઠંડીના દિવસોમાં સાંધાના દુખાવાના દર્દીઓ પણ પરેશાની અનુભવી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ભિલોડાના ધારાસભ્ય અને પૂર્વમંત્રી ડો. અનિલ જોશીયારાને કોરોનાથી સંક્રમિત થયા બાદ સારવાર માટે અમદાવાદ સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

● પૂર્વ રાજયમંત્રી ઉર્વશીદેવી પણ કોરોનાથી સંક્રમિત થયા છે તેઓ હોમ આઈસોલેટ થયા છે.

● જિલ્લાના અધિક નિવાસી કલેકટર સુશ્રી રિતુસિંહ કોરોનામાંથી રિકવર થયા બાદ આજે ફરજ પર હાજર થયા છે.

● સચિવાલય સંકુલમાં આવેલ ઘોડિયાઘરને ચિલ્ડ્રન યુનિ.ના સહયોગ સાથે અપગ્રેડ કરી સુધારણા કરવામાં આવે તેવી માંગ ગુજરાત સચિવાલય કર્મચારી ફેડરેશને કરી છે.

● સચિવાલય સંકુલના વિવિધ દરવાજાઓ પર સચિવાલય સંકુલ તેવા બોર્ડ લગાવવામાં આવે તેવી માંગ કર્મચારી સંગઠનોએ કરી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ચૂંટાયેલા સભ્યોની હાજરીને કારણે વાહન પાર્કિંગની સમસ્યા ઘેરી થઈ હતી.

● ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું જોર હજુ વધુ બે દિવસ રહેશે તેવુ હવામાન વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

● દહેગામ શહેરના નેહરૂનગર ચોકડી પાસે આજે ખોદકામ દરમ્યાન ગેસ પાઈપલાઈન તૂટી જતાં ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો હતો જેથી ગૃહીણીની તકલીફો વધી હતી. ગેસ પાઈપલાઈન તુટતાં થોડીક મિનિટો માટે અફડાતફડીનો પણ માહોલ સર્જાયો હતો. જોકે કોઈ દુર્ઘટના સદ્નસીબે થઈ ન હતી.

● રાજ્ય સરકારે ૩ નાયબ ચીટનીસ સંવર્ગના કર્મયોગીઓને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપી છે અને ૪ તા.વિ. અધિકારીની બદલીના હુકમો કર્યા છે.

● કલોલના પૂર્વ તા.વિ. અધિકારી અને હાલ મહિલા બાળ કલ્યાણ શાખામાં કચેરી અધિક્ષક તરીકે ફરજો બજાવતા મીનાબેન પટેલને તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં બઢતી મળી છે.

## શહેરના ઘ-૧ પાસે જીપ ડાલાની ટક્કરે રીક્ષામાં સવાર મુસાફરને ઈજા

ગાંધીનગર, તા.૨૫

શહેરના ઘ-૧ પાસે જીપ ડાલા એ રીક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર મુસાફરના પગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચેતનભાઈ મંગળાભાઈ નિસરતા (ઉં.૪૬, રહે.માતા ફળીયુ, લખનપુર ગામ તા.ફતેપુરા જી દાહોદ) ખેતીકામ કરીને પરિવારનુ ગુજરાન ચલાવે છે. ચેતનભાઈના પરિવારમાં પત્ની અને એક દિકરી તેમજ ચાર દિકરા છે. જેમાં સૌથી નાનો દિકરો રાહુલ છેલ્લા એક માસથી ગાંધીનગર ખાતે મજુરીકામ અર્થે આવ્યો છે અને મારી બહેન પાસે ઘ-૨ સર્કલ નજીક કાચા છાપરામાં રહે છે. ત્યારે ગત તા.૧૨ જાન્યુઆરીના રોજ સાંજના સમયે રાહુલ રાયસણ ખાતે મજુરી કામ કરીને રીક્ષામાં પરત ફરી રહ્યો હતો. તે સમયે ઘ-૧ પસાર કરતા સમયે ગ-૧ તરફથી ઘ-૧ તરફ આવી રહેલી પીકઅપ ડાલા નં. જી.જે.૦૯.ઝેડ.-૬૧૧૯ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી રીક્ષાના ડાબા પડખે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે રીક્ષામાં સવાર રાહુલને જમણા પગે ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાતા ડોકટર દ્વારા ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે જીપ ડાલાના ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શહેરના વાયરલેસ પીઆઈ ડી.કે.કોષ્ટીને પ્રશંસનિય સેવા ચંદ્રક એનાયત કરાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજય પોલીસમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી તેમજ જવાનોને તા.૨૬મી જાન્યુઆરી ૨૦૨૨ ના પ્રસંગે વિશિષ્ટ સેવા-પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો આજરોજ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત રાજય પોલીસ દળમાં કુલ ૧૯ પોલીસ અધિકારીઓ તેમજ જવાનોને પોલીસ ચંદ્રકો મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા છે. જેમાં ૨ વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રક અને ૧૭ પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા છે. તેમાં અધિક પોલીસ મહા નિર્દેશક તકનીકી સેવાઓ ગાંધીનગર ખાતે વાયરલેસ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા ડી.કે.કોષ્ટીને પ્રશંસનીય સેવા પોલીસ મેડલ એનાયત કરાશે. ત્યારે રાજયના પોલીસ વડા આશિષ ભાટીયા એ મહામહિમ રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર પોલીસ અધિકારી-જવાનોને અભિનંદન પાઠવ્યા છે.

## કલોલ ડીવાયએસપીની ખેડા બદલી

ગાંધીનગર, તા.૨૫

રાજયમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ બેડામાં બદલીની રાહ જોવાતી હતી. ત્યારે રાજય સરકારે એક સાથે ૫૭ બિન હથીયારી અને એક હથીયારી ડીવાયએસપીની બદલી કરવામાં આવી છે. રાજયભરમાંથી મોટાભાગના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર કલોલના ડીવાયએસપી વી.એન.સોલંકીની બદલી વિભાગીય પોલીસ અધિકારી કપડવંજ ખેડા કરવામાં આવી છે.


# સે-૩ સી માં ગઈકાલે સાંજે સતત ત્રણ કલાક સુધી વિજ પ્રવાહ ખોરવાયો

**વારંવાર લાઈટસ ઓન ઓફ થતા સેકટરવાસીઓને મુંઝવણ : ફોલ્ટનુ રીપેરીંગ ચાલતુ હોવાના લીધે આજે સવારે પણ થોડો સમય લાઈટો ડુલ રહી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી વારંવાર લાઈટો ડુલ થઈ જતી હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામી છે. સેકટરમાં ગઈકાલે સાંજના સમયે પણ વિજ પ્રવાહ ખોરવાઈ જતા સેકટર ૩ સી ના અમુક પોકેટમાં સતત અંધારુ જોવા મળ્યુ હતુ જયારે વારંવાર લાઈટ ઓન ઓફ થતા રહીશોએ આ મામલે ફરિયાદ કરવા માટે સતત ફોન મારફતે પ્રયાસ કર્યો હતો. જો કે લાઈનમાં ફોલ્ટ સંબંધિત રીપેરીંગ કામ ચાલતુ હોવાના લીધે વિજ પ્રવાહ ખોરવાઈ જતો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આજે સવારે પણ થોડા સમય માટે લાઈટો ડુલ રહી હતી.

ગાંધીનગરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી વિજ પ્રવાહ ખોરવાઈ જાય છે. સેકટરોના ઘરોમાં વારંવાર ટ્રીપીંગ થવાના લીધે લાઈટો ડુલ થાય છે. ગઈકાલે સે-૩ સી માં સતત ત્રણ કલાક સુધી લાઈટ ઓન ઓફ થતા વિજ પ્રવાહ ખોરવાયેલો રહ્યો હતો જના લીધે આકરી ઠંડીના દિવસોમાં સ્થાનિકોએ પારાવાર



હાલાકી વેઠવી પડી હતી. સ્થાનિકોને આ અંગે જાણ ન હોવાથી વારંવાર ટોરેન્ટ પાવરની ઓફિસમાં સંપર્ક કરી ફરિયાદ કરવાનો પ્રયાસ ચાલુ રહ્યો હતો. જો કે રાત્રિના ૯ વાગ્યા બાદ નિયમિત વિજપ્રવાહ શરૂ થતા સેકટરવાસીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જાણવા મળ્યા મુજબ લાઈનમાં ફોલ્ટ સર્જાતા રીપેરીંગની કામગીરી ચાલુ હતી જેના લીધે સેકટરમાં સતત લાઈટો ડુલ રહી હતી. સેકટરના ઘરોમાં કેટલાક ઠેકાણે એક રૂમમાં લાઈટ બંધ તો એક રૂમમાં ચાલુ તો કેટલાક મકાનોમાં નીચે બંધ ઉપર ચાલુ તેવી સ્થિતિ વચ્ચે વિજ પ્રવાહ સતત ચાલુ બંધ થવાથી સ્થાનિકોમાં પણ આ ચર્ચાનો વિષય બન્યો હતો. આખરે રાત્રિના સમયે વિજપ્રવાહ નિયમિત થતા સેકટરવાસીઓએ રાહત અનુભવી હતી. આજે સવારે પણ રીપેરીંગ કામ ચાલુ હોવાથી થોડા સમય માટે વિજપ્રવાહ બંધ કરી દેવાયો હતો. સે-૩ સી માં થોડા સમય અગાઉ પણ કલાક માટે લાઈટો ડુલ થઈ ગઈ હતી જો કે સુત્રોના જણાવ્યા મુજબ ફોલ્ટ સંબંધિત રીપેરીંગ કામ ચાલતુ હોવાના લીધે વારંવાર આ સમસ્યા સર્જાતી હતી

## ખાતરનો ભાવ વધારો પરત ખેંચવા ‘આપ’નું આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૫

અત્યારે ખેડૂતો માટે શિયાળુ પાકની સીઝન ચાલી રહી છે જેના માટે યુરિયા ખાતરની માંગ રહે છે. જોકે છેલ્લાં ૬ માસથી રાજ્યમાં ખાતરની અછત વર્તાઈ રહી હોવાનું જણાવતા આમ આદમી પાર્ટીના કિસાન સંગઠન દ્વારા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા ખાતર મળી રહે અને ખાતરમાં થયેલો ભાવ વધારો પરત ખેંચવામાં આવે તેવી માંગ સાથે મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખવામાં આવેલું આવેદનપત્ર આજે ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેક્ટરને આપવામાં આવ્યું હતું.



આમ આદમી પાર્ટીના કિસાન સંગઠનના પ્રદેશ પ્રમુખ રાજુભાઈ કરપડા દ્વારા આવેદનપત્રમાં રજુઆત કરી છે કે યુરિયા ખાતરના અભાવે શિયાળુ પાક નિષ્ફળ જવાની ભીતિ સર્જાઈ છે અને ખાતરના ડીલરોને પણ ઓર્ડર આપ્યાનાં ૨ માસ બાદ જથ્થો મળે છે તે પણ પુરતો હોતો નથી. વળી ગત વર્ષે રાસાયમિક ખાતરમાં એક સાથે ૫૦ ટકા જેટલો ભાવ વધારો આવ્યાં બાદ તા. ૯ એપ્રિલે કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ ખેડૂતો પર ભાવ વધારાનો બોજ નહીં પડે અને સરકાર સબસીડી પેટે ભાવ વધારાની રકમ ખાતર બનાવતી સંસ્થાઓને ચુકવી દેશે પરંતુ તે પછી પણ પોટાશયુક્ત ખાતરમાં મોટા પ્રમાણમાં ભાવ વધારો થઈ રહ્યો છે જે ખેડૂતોને લુંટવાનું ષડયંત્ર છે, આ લૂંટને બંધ કરી ખાતરનો ભાવ વધારો પરત ખેંચવાની માંગણી કરવામાં આવી છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા શ્રમિકો માટે રેનબસેરાની વ્યવસ્થાની માંગણી

ગાંધીનગર, તા. ૨૫

શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરમાં રેનબસેરાની બાંધકામ વિશે મહાનગરપાલિકા પાસે માંગણી કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પછી અમલી બનેલ નવી કારોબારીમાં નગરના પ્રશ્નોને વાચા આપવા વિચારી રહી છે ત્યારે મહાનગરપાલિકા, રાજ્ય સરકાર, કલેક્ટરનું તંત્ર ગાંધીનગર ઠંડુ શહેર બની રહ્યું છે ત્યારે શહેરમાં શ્રમનું કામ કરવા માટે લાવવામાં આવતા શ્રમિકોની દરકાર કરવા રેનબસેરા બાંધવા છેક ૨૦૦૬ની રાજ્ય સરકાર, માર્ગ મકાન વિભાગ, કલેકટરશ્રી, મહાનગરપાલિકા કલેક્ટરશ્રી ગાંધીનગર સાથે સંમત થઈ રેનબસેરા બાંધવા તથા અસ્થાઈ શ્રમિકોનો પ્રશ્ન હલ કરવાની સાથે ઝુંપડપટ્ટી પણ દૂર ઈ શકે તે માટે આયોજન કરેલુ હતુ તે પણ વિસરાઈ ગયું છે જેને યાદી આપતાં વસાહત મહામંડળ વતી અરૂણ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કાલુભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, બી.એ. શુકલ, દિનેશસિંહ ચાવડા સહીત સૌએ રજૂઆત કરી ઝુંપડપટ્ટી, ગંદકીના વિકલ્પે વ્યવસ્થા ગોઠવવા પણ ભાનુભાઈ દવે, પ્રદિપ સોલંકી, કશ્યપ મહેતા, ડૉ. પી.ડી. પટેલ દ્વારા માંગણી કરી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. મહાનગરપાલિકા જયારે નવું આયોજન વિચારી રહી છે ત્યારે તમામ પક્ષોને ચૂંટણી વખતે આપેલ વચનોની યાદી તાજી કરાવી લોકો પર કરભારણ વધારવાની જગ્યાએ ઘટાડવા આયોજન કરવાની ખાત્રીનું પાલન કરતી વસાહત મહામંડળે યાદી આપી હતી. મુંબઈ મહાનગર જેવામાં જ્યારે ફ્લેટ પર લાગતો પ્રોપર્ટી ટેક્ષ દૂર કરે છે ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાએ પણ આ દિશામાં વિચારવાનો સાથ પાકી ગયો છે તેમ પણ મહામંડળના પદાધિકારીઓ ઈચ્છી નગરજનોની અપેક્ષા પૂર્ણ કરવા વિનંતી કરી રહી છે. તે જ રીતે રેનબસેરા જેવી જૂની માંગણી સંતોષવા પણ સ્ટેન્ડીંગ કમિટીમાં નિર્ણય લેવા નવી રેલ્વે સુવિધાઓ વધારવા બોર્ડ બેઠકોમાં ઠરાવ લાવી ખોડીયારથી કલોલ જતી ગાડીઓ વાયા ગાંધીનગર કરવા ભારત સરકારને વિનંતી કરી હતી તથા વૃક્ષોનું નિકંદન અટકાવવા અને જૂના આયોજનમાં ફેરફાર કરતા પહેલા વિચારણા હાથ ધરવા અપીલ કરી હતી.

